Saarth E-Journal

# Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.7 Issue. 3 No.2

Impact Factor
Quarterly
Jul- Aug-Sep 2022

## રવીન્દ્ર પારેખની વાર્તાઓમાં મનોવૈજ્ઞાનિક અભિગમ

**ભગોરા શીતલ આર**
Ph.D. scholar
હેમચદ્રાચાર્ય ઉ. યુનિવર્સિટી, પાટણ.
**માર્ગદર્શક : ડૉ. દિનેશ પટેલિયા**
shitalr7789@gmail.com

રવીન્દ્ર પારેખ એક ઉમદા સાહિત્યકાર છે. તેમણે વાર્તાના ક્ષેત્રે ઘણું ઉત્તમ કાર્ય કર્યું છે. રવીન્દ્ર પારેખ વાર્તાના સ્વરૂપને જાણીને ઉત્તમવાર્તાઓલખે છે. તેમના વાર્તાસંગ્રહજેવા કે ૧.'સ્વપ્નવટો' ૨. 'સંધિકાળ' ૩.'પર્યાય' ૪. 'નિર્દેશ' ૫.'જરાક' મહત્વના છે. તેઓ વાર્તાના કલાસ્વરૂપ વિશે કહે છે **"વાર્તાની પસંદગી વખતે વાર્તા સિવાયનાં કોઈ કારણોમને નડયાં નથી. પસંદગી વખતે કયારેક એવં પણ થયું છે કે નખશિખ સારી વાર્તા પસંદકરવાનાં સારાં ધોરણોમાં થોડી બાંધછોડ કરવા લલચાયો હોઉં અને ટેક્નિક કે વાર્તાવસ્ત કેભાષા જેવી બાબતોએ મારા પર વર્ચસ્વ જમાવ્યું હોયને એ પ્રભાવ ખાળી શકવા હું મનેઅસમર્થ લાગ્યો હોઉં."૧**

**"આધુનિક સાહિત્યમાં મખ્યત્વે શહેરીજીવનની સમસ્યાઓ અને આધુનિક માનવીનીજીવનશૈલીનું નિરૂપણ થતું જોવા મળે છે. ઘણા સર્જકો કંઈક નવીન સર્જન અર્થે અવનવાપ્રયોગો હાથ ધરતા હોય છે ત્યારે રવીન્દ્ર પારેખ પણ આજનાં ગામડાઓનાં રીતરિવાજોઅને રહેણીકરણીને અભિભૂત કરતી વાર્તાઓ આપે છે. આ વાર્તાઓનેં પ્રમાણ નહિવત્‌હોવા છતાં અગ્રગણ્ય ગણી શકાય તેવું છે."...૨**

**'અતિજ્ઞાન'વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાંનાયકની માનસિકતાનું નિરૂપણ થયું છે. રવિનના પરિવારજનો પણ તેના પ્રત્યે અણગમો પ્રગટ કરીને તેનાથી દૂર જતા રહેછે. તેથી તે બીજાનાં સ્વપ્ન ભાખવાનું બંધ કરવાનો વિચાર કરે છે. એક દિવસ તે કહે છે કેસુરતાને "ઊંધું ઝાડ, આકાશમાં તળાવ.. ને તેમાં તરતાં પંખીઓ...તે..." (""નિદેશ', પૃષ્ઠનં.- ૪૬)

**'પોતાનું કંઈક' વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાં આધૃનિક માનસિકતાનું નિરૂપણ થયું છે. લેખકે જમીનને પોતાની મા સમાન દરજ્જો આપનારગ્રામ્યવર્ગ પાસેથી જ્યારે તેની જમીન સરકાર દ્વારા છિનવાઈ જાય છે ત્યારે કેવી કપરીપરિસ્થિતિનં નિર્માણ થાય છે. તેનું વર્ણન અહી કર્યું છે. આજે ગ્રામ્યવર્ગ સામે સરકાર દ્વારાથતી ક્રૂરતાને લેખકે અહીં રજૂ કરી છે.કથાનાયક દેબુજમીનદાર છે તેની જમીન ગામના મખી દ્વારા સરકારને અપાવી દેવામાં આવે છે. સરકારતેમને સામે નોકરી આપશે એવી લાલચ આપીને જમીન પડાવી લેવાય છે. ગામલોકોનીજમીન પર એક સરકારી કંપની ઊભી થાય છે કંપનીમાં થોડી સમય દેબુના છોકરાઓનેનોકરી માટે રાખવામાં આવે છે. સમય જતાં કંપની બંધ પડે છે અને દેબના છોકરાઓ રખડીપડે છે. જમીન પણ જાય છે અને નોકરી પણ તેથી દેબ ખૂબ જ દુઃખી થઈ જાય છે અનેછેલ્લે આત્મહત્યા કરી બેસે છે.

**'નિર્દેશ' વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાંપ્રણયનીમાનસિકતાનું નિરૂપણ થયું છે.સાક્ષી અને રાકેશનીપ્રેસ કહાની સાક્ષી રાકેશના પ્રેમની પરીક્ષા કરવા માટે કહે છે કે મને એચ.આઈ.વી. છે.જેથી હું તારી સાથે નહીં રહી શકું. પરંતુ રાકેશને કોઈ ફર્ક પડતો નથી. તે તો સાક્ષીનેએચ.આઈ.વી. ગ્રસ્ત સ્વીકારવા કોઈપણ આનાકાની વગર તૈયાર થઈ જાય છે. રાકેશ રીપોર્ટ કરાવવા માટે તૈયાર થાય છે. ત્યારે સાક્ષી કહે છે. ***"મનેકાંઈ નથી આ તો તને ભગાડવા હું જૂઠું બોલેલી. પણ હવે તારા વગર જિવાય તેમ નથી."***..... ૩

**'ઝાડ'વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાં પૈસાની માનસિકતાનું નિરૂપણ થયું છે,'ઝાડ'ના પ્રતીક દ્વારા લેખકે માનવમનની લંપટતા અને પૈસાની ઝંખનાને રજૂ કરીછે.અહીં લેખકે બદામના ઝાડમાં પૈસાનું ખરવું તેકપોલકલ્પિત ઘટના નિરૂપણ દ્વારા આધૃનિક માણસની સંપત્તિ પ્રત્યેની ઘેલછા અનેભ્રષ્ટાચારનો વધેલો વ્યાપ વગેરે બાબતનું વાર્તાના માધ્યમ દ્વારા નિરૂપણ કર્ય છે

**'ફૂદડી'વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાં મૃત્યુની માનસિકતાનું નિરૂપણ થયું છે,.અહીં લેખકે મૃત્યુના ડરને કલ્પનાના બળે વાર્તામાં પ્રભાવિત કર્યો છે અને તે ફૂદડીનીજેમ સતત ફર્યા કરે છે.કથાનાયકના મનમાં મૃત્યુના ડરની કલ્પનાઓ ફૂદડી ફર્યા કરે છે.તેથી તે કોઈપણ જગ્યાએ જાય છે ત્યારે જાણે મોતને મઠ્ઠીમાં લઈને ફરે છે તેવં જ કલ્પા કરેછે. તે ઘરની બહાર સ્કૂટર લઈને જાય છે ત્યારે સતત અકસ્માતના ડરમાં રચ્યો રહે છે. તેસ્કૂટર લઈને જાણે સામેથી મૃત્યુને ભેટવા જતો હોય તેવો ભાસ કરે છે અને સતત મૃત્યુનોડર તેને માનસિક રીતે ભાંગી પાડે છે. જેમ આકાશમાં સમડી ચકડોળે ચઢે છે તેવી જ રીતેમૃત્યુનો ડર કથાનાયકના મનમાં ફર્યા કરે છે.

**'બે-એક'વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાં જીવનની અસંગતની માનસિકતાનું નિરૂપણ થયું છે,અહીં લેખકે એક આત્માનો બે દેહમાં સંચાર થવા એ કપોલકલ્પિત ઘટનાનુંનિરૂપણ વાર્તાના માધ્યમ દ્વારા કર્યું છે.આજનો માનવી કેટકેટલી અસંગતિઓ વચ્ચે જીવન પસાર કરે છે. તેનું આલેખનઅહીં થયં છે. વાર્તામાં મૃખ્ય બે પાત્રો છે. અથવાલાલ અને થવાલાલ. અથવાલાલનાઆત્માનું રૂપાંતર થવાલાલના દેહમાં થાય છે. થવાલાલ એક કરોડ રૂપિયા ભરેલી સૂટકેશરેલવેસ્ટેશન પર લઈને જાય છે અને અચાનક જ એ સૂટકેશ ગુમ થતાં તે દુઃખી થઈ જાય છે.અને તે વિચારે છે કે આ સૂટકેશમાં એક કરોડ રૂપિયા છે. એ વાતની જાણ માત્રઅથવાલાલને જ છે તેના સિવાય બીજા કોઈને ખબર નથી તેથી તે અથવાલાલ પર રૂપિયાનીભરેલી સૂટકેશ થવાલાલને આપી જાય છે.

**'સંપત્તિ'વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાં જીવનની અટપટી બાબતોની માનસિકતાનું નિરૂપણ થયું છે,"સંપત્તિ' વાર્તામાં રાજા મીડાસ ને બાર રાણીઓ છે અને એ બારે રાણીઓને ખુશરાખવા માટે રાજા મીડાસ સંપત્તિ મેળવવા માટે ભગવાનનું તપ કરે છે અને ભગવાનપ્રસન્ન થતાં તે સંપત્તિનું વરદાન માંગે છે. નગરમાં જાણ થાય છે કે રાજાનો સ્પર્શ સુવર્ણ બનીગયો છે. તેથી જેને પણ સંપત્તિની જરૂર હોયતે પોતાની સ્ત્રીને રાજદરબારમાં લઈને આવેજેથી કરીને રાજાનો સ્પર્શ થતાં તે સ્ત્રીઓ સોનાની મૂર્તિ બની જાય. નગરમાં ઢંઢેરો પણ પીડયો કે, ***"જેમને સ્ત્રીપાછી જોતી હોય તે સુવર્ણ મૂર્તિઓ સાથે ઉપસ્થિત થાય અને સ્ત્રીઓને તેમના મૂળરૂપમાંપ્રાપ્ત કરે."....૪*** પરંતુ સંપત્તિ ભોગી પ્રજા સ્ત્રીઓને સંપત્તિ જબનાવી રાખવામાં માને છે અને રાજાના કહ્યા પછી પણ કોઈ આવતું નથી. અહીં લેખકે પરંપરાગત વસ્તુ સાથે આધુનિક માનવીના સંપત્તિ પ્રત્યેના લોભનું નિરૂપણ કર્યું છે.

**'ફિફટી-ફિફટી'વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાં પ્રયોગશીલ માણસની માનસિકતાનું નિરૂપણ થયું છે.અહીં લેખકે ઘાસનું ઓફિસમાં આવીને બોલવું, રમકડાંનીપ્રતિક્રિયાઓ અને તેના પર થતાં પ્રયોગો જેવી કપોલકલ્પિત ઘટનાને કેન્દ્રસ્થ કરી છે.અહીં ઘાસના વધવાની પ્રક્રિયાને રોકવા માટે ઝેડે નામનો માણસ પ્રયાસ કરે છે.પરંત ઘાસ તો વધતં જ જાય છે માટે ઘાસને ઝેડે તેની ઓફિસમાં બોલાવીને તેને વધતું રોકવામાટે તે ઠપકો આપે છે. પુરૂષ અને સ્ત્રીની ઊંચાઈ એક સરખીકરવા માટે ઝેડે મથામણ કરે છે. આ પ્રયોગને સફળ કરવા માટે ઝેડે પહેલાં રમકડામાં આપ્રયોગ કરે છે. પછી તે પોતાના રિસર્ચને સર્વ સ્વીકૃત કરવા ઈચ્છે છે. રમકડાંમાં બધાસ્પેરપાર્ટ્સ બદલીને તેને માનવસહજ બનાવવાનો પ્રયત્ન કરે છે.

આ બધી વાર્તાઓ પરથી કહી શકાય કે રવીન્દ્ર પારેખ મનના જાણકાર છે, અને માનવીના મનને બારીકાઈથી નિરૂપપે છે. જુઓ –

**'અતિજ્ઞાન'વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાંનાયકની માનસિકતાનું નિરૂપણ થયું છે.

**'પોતાનું કંઈક' વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાં આધૃનિક માનસિકતાનું નિરૂપણ થયું છે.

- **'નિર્દેશ' વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાંપ્રણયનીમાનસિકતાનું નિરૂપણ થયું છે.
- **'ઝાડ'વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાં પૈસાની માનસિકતાનું નિરૂપણ થયું છે,
- **'ફૂદડી'વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાં મૃત્યુની માનસિકતાનું નિરૂપણ થયું છે,
- **' બે-એક'વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાં જીવનની અસંગતની માનસિકતાનું નિરૂપણ થયું છે,
- **'સંપત્તિ'વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાં જીવનની અટપટી બાબતોની માનસિકતાનું નિરૂપણ થયું છે,
- **'ફિફટી -ફિફટી'વાર્તામાં** વાર્તાના કેન્દ્રમાં પ્રયોગશીલ માણસની માનસિકતાનું નિરૂપણ થયું છે.

ડો. ધવલ રાવ લખે છે કે,***આધુનિક વાર્તાઓમાં જે મનોવૈજ્ઞાનિક અભિગમ પ્રયોજયો છે, માત્ર એક સંયોગ છે, આખરે તો એ પ્રયોગ જીવનવાદી પ્રયોગ છે, કારણ કે ક્યાક ને ક્યાક જીવન અને વ્યક્તિની સ્થિતિ-પરિસ્થિતી જ દર્શાવાઈ છે. "....૫***

**પાદ-ટીપ**

**૧.'સંધિકાળ' પ્રસ્તાવના, પૃ. ૧**

**૨. વાર્તા સ્વરૂપ અને ગુજરાતી વાર્તા, ડૉ. વૈભવ પરમાર, પૃ. ૩૪**

૩. "જરાક' પૃષ્ઠ નં. - ૬૨

૪. "નિર્દેશ', પૃષ્ઠ નં. ૧૧૫

૫. ગુજરાતી વાર્તા : એક સફર, ડૉ. ધવલ રાવ, આર્ટીકલ, અંક : ૨૨, પ્રણામી પબ્લિકેશન, ૨૦૧૭

.........................................................................................


**ભગોરા શીતલ આર**

Ph.D. scholar

હેમચદ્રાચાર્ય ઉ. યુનિવર્સિટી, પાટણ.

**માર્ગદર્શક : ડૉ.દિનેશ પટેલિયા**

shitalr7789@gmail.com